**બાવળાના મહે. મુખ્ય સિવિલ જજ તથા જયુડીશીયલ મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,મુ.તા–બાવળા, જી.અમદાવાદ(ગ્રામ્ય)**

**ક્રિમીનલ કેસ.નં.૨૫૮/૨૦૨૬**

**ફરીયાદી :– સરકારશ્રી.**

**વિરૂધ્ધ**

**આરોપી :– રવી મહેશભાઇ ગોહીલ,**

રહે. વિષ્ણુનગર સોસાયટી,બાવળા,જી.અમદાવાદ.

**ગુનો:– આઇ.પી.સી. ૨૮૩ મુજબ**

**– :: ઠ રા વ :: –**

આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે આઇ.પી.સી. ૨૮૩ મુજબના અંગેના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ આરોપીને આંક–૧ નું ચાર્જશીટ વાંચી સંભળાવેલ છે.

આ કામે આરોપી ધોરણસર રીતે હાજર થતાં આરોપીને કેસ પેપર્સની નકલ આપવામાં આવેલ છે. આરોપીની પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપી ગુન્હો કબુલે છે. અને સાથે કબુલાત પુરશીશ રજુ કરેલ છે. તેમજ પોતે કુટુંબ કબીલાવાળો માણસ હોય કુટુંબની જવાબદારી હોય દયા કરવા વિનંતી કરેલ છે. આરોપીના ગુન્હાની કબુલાત, ગુનાનો પ્રકાર તેમજ સજાનું પ્રમાણ, આરોપીની રજુઆત તેની પરીસ્થિતી ધ્યાને લેતા તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને હળવી સજા કરવાનું મને વ્યાજબી અને ન્યાયી જણાતું હોય તેમજ આજરોજ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે

**::–આખરી હુકમ–::**

આ કામના આરોપી **રવી મહેશભાઇ ગોહીલનાઓને** બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ અન્વયે **આઇ.પી.સી. ૨૮૩** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂા.૧૦૦/– (અંકે રૂપીયા સૌ પુરા)** દંડનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો **દિન-૧ (એક)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ ૧૧ મી, માહે–જુલાઇ , સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

બાવળા

તા ૧૧/૦૭/૨૦૨૬

**( વિશુ શક્તિદિપસિંહ ઝાલા )**

પ્રિન્સીપાલ સિવિલ જજ અને

જયુ.મેજી.ફ.ક.બાવળા.

UIC No.GJ-01669